RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 14, Issue : 295, Dt.02-02-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાતનું ૩.૩૨ લાખ કરોડનું ઐતિહાસિક બજેટ



## રાજ્યના ઈતિહાસનું સૌથી મોટુ બજેટઃ ૨૦૪૭નો રોડ મેપ નકકી કરાયોઃ ગરવી, ગ્રીન અને ગુણવંત ગુજરાતના સપના સાથેનું બજેટ રજૂ કરતાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈઃ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગ્રામીણ માટે ૭૫૧ કરોડની જોગવાઈઃ નવી બસો ખરીદવા ૭૬૮ કરોડઃ ગાંધીનગર, રાજકોટ અને સુરતમાં કાર્ડીયાક ટ્રીટમેન્ટ શરૂ કરવા ૪૦ કરોડ ફાળવાશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતના ૨૦૨૪-૨૫ ના નવા નાણાંકીય વર્ષના બજેટમાં ભારતની જેમ ૨૦૪૭ સુધીમાં ગુજરાતને વિકાસની હરોળમાં મુકવાનો લક્ષ્યાંક નકકી કરીને તેનો રોડમેપ રજુ કરવામાં આવ્યો છે અને અત્યાર સુધીનું સૌથી મોટુ ૩,૩૨,૪૬૫ કરોડનું બજેટ રજુ કરવામાં આવ્યુ છે.

નવા નાણાંકીય વર્ષનાં બજેટને પેશ કરતાં નાણાંપ્રધાન કનુભાઈ દેસાઈએ કહ્યુ કે ગત વર્ષે સરકારે સામાજીક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધા, આર્થિક પ્રવૃતિઓનાં વિકાસ તથા ગ્રીનગ્રોથ જેવા પાંચ સ્તંભો દર્શાવીને બજેટ રજુ કર્યું હતું.

હવે આ વર્ષે પાંચ સ્તંભોને પાયામાં રાખીને વિકસીત ભારત ૨૦૪૭ ના લક્ષ્યમાં ભાગીદારી નોંધાવતું અને વિકસીત ગુજરાત ૨૦૪૭ ના નિર્માણનો રોડમેપ નકકી કરતુ ૩.૩૨ લાખ કરોડનું બજેટ રજુ કર્યું છે.

વિકાસના પાંચ સ્તંભોને યથાવત રાખવામાં આવ્યા છે. આંતર માળખાકીય વિકાસ ઉપરાંત આરોગ્ય, શિક્ષણ, નાના ઉદ્યોગો, પ્રદુષણ, કુપોષણ, પ્રવાસન, સ્ટાર્ટઅપ, કૃષિ, સિંચાઈ, પાણી પુરવઠા સહિતના ક્ષેત્રો પર પર્યાપ્ત ફોકસ રાખીને સર્વાંગી વિકાસનું લક્ષ્ય રાખવામાં આવ્યુ છે.

બજેટની જોગવાઈ અનુસાર એમ્બ્યુલન્સની સુવિધા સુદ્રઢ કરાવવા ૩૧૯ નવી ૧૦૮ એમ્બ્યુલન્સ ખરીદાશે. યુ.એન.મહેતા હાર્ટ, કિડની હોસ્પિટલમાં તબીબી સાધનો ખરીદવા ૬૦ કરોડ. ગાંધીનગર, રાજકોટ, સુરતમાં કાર્ડિયાક ટ્રીટમેન્ટ શરૂ કરવા ૪૦ કરોડ. અમદાવાદના બાવળા, સુરતના કામરેજમાં ૩૦૦ બેડની હોસ્પિટલ બનાવાશે. આયુષ હેઠળના દવાખાનાઓ માટે કુલ ૪૮૨ કરોડની જોગવાઈ કરાઈ છે. જ્યારે કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ આરોગ્યલક્ષી સેવા પુરી પાડવા ૨૨૧ કરોડ ફાળવાયા છે.

સરકારી છાત્રાલય, આદર્શ નિવાસી શાળાના બાંધકામ માટે ૨૫૫ કરોડની ફાળવણી



### મોરબી, સુરેન્દ્રનગર સહિત સાત શહેરોને મહાનગરપાલિકાનો દરજ્જો

ગુજરાત સરકારના નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં શ્રેણીબધ્ધ યોજનાઓ જાહેર કરવાની સાથોસાથ રાજ્યના સાત શહેરોને મહાનગર પાલિકાનો દરજ્જો આપવાની ઘોષણા કરવામાં આવી છે. જેમાં મોરબી, સુરેન્દ્રનગર તથા ગાંધીધામનો પણ સમાવેશ થાય છે.

રાજ્યના નાણાંપ્રધાન કનુભાઇ દેસાઇ દ્વારા આજે રાજ્ય વિધાનસભામાં નવા નાણાંકિય વર્ષનું બજેટ પેશ કરવામાં આવ્યું હતુ તેમાં રાજ્યના સાત શહેરોને મહાનગર પાલિકાનો દરજ્જો આપવાની દરખાસ્ત કરવામાં આવી હતી. આ સાત શહેરોમાં મોરબી, સુરેન્દ્રનગર, ગાંધીધામ, નવસારી, આણંદ, વાપી અને મહેસાણાનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોર્પોરેશનના દરજ્જાના પગલે આ શહેરોનો ખુબ ઝડપી વિકાસ થવાનું માનવામાં આવી રહ્યું છે. નવા નાણાંકીય વર્ષના બજેટમાં નાણા પ્રધાન દ્વારા શ્રેણીબધ્ધ યોજનાઓ પણ જાહેર કરવામાં આવી છે. જેમાં નિર્મળ સરસ્વતી, નિર્મળ ગુજરાત-૨.૦, નમોશ્રી યોજના, નમો લક્ષ્મી યોજના વગેરેનો સમાવેશ થાય છે. કુપોષણને દુર કરવા માટે પણ સુપોષીત ગુજરાત મિશનનું એલાન કરવામાં આવ્યું છે.

ગુજરાતના ઇતિહાસમાં આજે સૌથી મોટું ૩.૩૨ લાખ કરોડનું આ બજેટ રાખવામાં આવ્યું છે. લોકસભાની ચૂંટણીનું વર્ષ છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા તમામે તમામ વર્ગના લોકોને રાહતરુપ અને સામાજીક સમસ્યાઓ દુર કરવાના ઉદેશ સાથે અનેકવિધ યોજનાઓ સૂચવવામાં આવી છે.

### ગૃહ વિભાગ માટે કુલ ૧૦,૩૭૮ કરોડની જોગવાઈ

★ શહેરોમાં સીસીટીવી કેમેરા લગાડવાની યોજના હેઠળ VISWAS Project માટે ૧૨૦ કરોડની જોગવાઈ.

★ પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંક મકાનોના મજબૂતીકરણ અને તેની ગુણવત્તા ઊંચી લઇ જવા માટે ૧૧૫ કરોડની જોગવાઇ.

★ જનરક્ષક વાહન દ્વારા ત્વરિત પોલીસ સહાય પહોંચાડવાની યોજના માટે ૯૪ કરોડની જોગવાઇ.

★ શોધ યોજના અંતર્ગત પોલીસ સ્ટેશનને અપગ્રેડ કરવા તથા નવી જગ્યાઓ ઉભી કરવા માટે ૬૯ કરોડની જોગવાઇ.

★ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં ટ્રાફિક વ્યવસ્થાપન માટેની સુગમ યોજના અંતર્ગત ટ્રાફિક પોલીસની ૧૦૦૦ નવી જગ્યાઓ ઉભી કરાશે. આ યોજના માટે ૫૭ કરોડની જોગવાઇ.

★ આઇ.ટી. સાધન સામગ્રીની ખરીદી માટે ૩૮ કરોડની જોગવાઇ.

★ પોલીસ માટે આધુનિકીકરણ યોજના હેઠળ શસ્ત્રો, સંદેશા વ્યવહારના સાધનો, સિક્યુરિટી-સર્વેલન્સ, તાલીમ અને હોમગાર્ડ માટેની સાધન સામગ્રીની ખરીદી માટે ૩૦ કરોડની જોગવાઇ.

★ SRPF Group-2, અમદાવાદ અને SRPF Group-11, વાવ ખાતે સ્પેશીયલ એક્શન ફોર્સ (SAF) વિકસાવવામાં આવશે. આ હેતુસર ૨૫ કરોડની જોગવાઇ.

★ ગ્રામ્ય સુરક્ષા કવચ અંતર્ગત ૨૦૦ આઉટપોસ્ટ અપગ્રેડ કરી PSIને મૂકવામાં આવશે. આઉટપોસ્ટ ખાતે નવી જગ્યાઓ તેમજ માળખાકીય સગવડો માટે ૧૮ કરોડની જોગવાઇ.

★ ઓનલાઇન ફાઇનાન્સિયલ ક્રાઇમ અને સાયબર ક્રાઇમ ઉકેલવા TRISHUL યોજના અંતર્ગત સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ ખાતે નવી જગ્યાઓ તથા આઇ.ટી. ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરવા ૧૫ કરોડની જોગવાઇ.

નાણામંત્રીએ સરકારી છાત્રાલય,આદર્શ નિવાસી શાળાના બાંધકામ માટે ૨૫૫ કરોડ, પ્રિ-મેટ્રીકના ૧૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ માટે ૧૭૬ કરોડ, દૂધ સંજીવની યોજના હેઠળ ૧૫૦ કરોડ, ધોરણ ૧થીટના વિદ્યાર્થીઓ માટે ગણવેશ સહાય માટે ૧૨૦ કરોડ અને અદ્યતન સુવિધાવાળા સમરસ છાત્રાલયોની યોજના માટે ૨૩ કરોડની ફાળવણી કરી હતી.

મનરેગા યોજના હેઠળ રોજગારી પૂરી પાડવા ૧૩૦૯ કરોડની જોગવાઇ.

સૌને આવાસની પ્રતિબદ્ધતાના માનનીય વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવા પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) માટે ૭૫૧ કરોડની જોગવાઇ.

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (આજીવિકા) અંતર્ગત અંદાજે ત્રણ લાખ સ્વસહાય જૂથોની રચના કરી ૩૦ લાખ પરિવારોને જોડવામાં આવેલ છે. આ યોજના માટે ૨૬૨ કરોડની જોગવાઇ.

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના ૨.૦ હેઠળ ૨૫૫ કરોડની જોગવાઇ.

આદિમ જૂથના લોકોનું જીવન સ્તર ઉંચુ લાવવા પ્રધાનમંત્રી આદિજાતિ ન્યાય મહાઅભિયાન મિશન અન્વયે ઘરનું ઘર આપવા ૧૬૪ કરોડની જોગવાઇ.

મહત્વાકાંક્ષી તાલુકાઓ અને જિલ્લાઓમાં અંત્યોદય પરિવારોની ૫૦ હજાર મહિલાઓ લખપતિ બનવા સમર્થ બને તે માટે ૧૦૦ કરોડની જોગવાઇ.

ગ્રામ વિકાસની યોજનાઓના સરળ અને સુચારૂ અમલીકરણ માટે હયાત મહેકમને વધુ સુદ્દઢ બનાવવા ૪૨ કરોડની જોગવાઇ.

ઉદ્યોગોને અપાતા વેન્ચર કેપિટલના ધોરણે ગ્રામ્ય વિસ્તારના સામાજિક સાહસોને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સોશિયલ એન્ટરપ્રાઇઝ ફંડની રચના કરવામાં આવશે જે માટે આગામી ૫ વર્ષમાં ૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આગામી વર્ષ માટે ૧૦ કરોડની જોગવાઇ.

સ્વસહાય જુથોની આવકમાં વધારો થાય તે માટે તંદુરસ્ત હરિફાઇને પ્રોત્સાહન આપવા ડ્યરિજ્ઞળિફક્ષભય ક્ષક્ષસયમ ઈક્ષભયક્ષશિંદ્ય યોજના માટે ૫ કરોડની જોગવાઇ.

૧૫માં નાણાપંચ અંતર્ગત ગ્રામ્ય માળખાકીય સુવિધાઓના સુદ્રઢીકરણ માટે ૨૬૦૦ કરોડ ઉપરાંતની જોગવાઈ.

ગ્રામ્ય કક્ષાએ પાણી પુરવઠા યોજનાઓના અમલીકરણ માટે વારિગૃહોના વીજબીલના ચૂકવણા માટે ૯૭૪ કરોડની જોગવાઈ.

નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત એકત્રિત થતા ઘન અને પ્રવાહી કચરાના કાયમી નિકાલ તેમજ જાહેર સ્થળોની સફાઇના કામો માટે ૩૦૦ કરોડની જોગવાઈ.

આંતરરાષ્ટ્રીય સરહદ પરના ગામોમાં માળખાગત સુવિધા વિકસાવવા ૧૦ કરોડની જોગવાઇ.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે કુલ ૧૨૧૩૮ કરોડની જોગવાઇ

ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે સફાઇ, પાણી, આવાસ જેવી પાયાની સુવિધાઓ આપવાની સાથોસાથ ગ્રામ્ય સંસાધનોનું યોગ્ય સંચાલન અને માવજત માટે જરૂરી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. મહત્વાકાંક્ષી તાલુકાઓ અને જિલ્લાઓમાં અંત્યોદય પરિવારોની મહિલાઓને તાલીમ અને નાણાકીય મદદ સાથે ક્ષમતાવર્ધન કરીને સશક્ત અને આત્મનિર્ભર બનાવી લખપતિ બનાવવા સરકાર કાર્ય કરશે. ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા તેમજ સુઘડતા સુનિશ્ચિત કરવા નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત યોજનાકીય કામો સાથે જન-ભાગીદારી થકી લાંબાગાળાની વ્યવસ્થા કરવામાં આવશે. પંચાયતી રાજ વ્યવસ્થાને વધારે અસરકારક બનાવવા અને યોજનાઓના અમલમાં ગતિ અને ગુણવત્તા લાવવા પંચાયતી રાજની સંસ્થાઓમાં ૨૦૦૦ નવી તાંત્રિક અને બિન તાંત્રિક જગ્યાઓ ઉભી કરી સમગ્ર વહીવટી માળખાને સુદ્રઢ કરવામાં આવશે.

### બજેટની મુખ્ય હાઈલાઈટસ

★ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૩.૩૨ લાખ કરોડ રૂપિયાનું અંદાજપત્ર ગત વર્ષની સરખામણીમાં ૩૧,૪૪૪ કરોડનો વધારો સૂચવે છે.

★ નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨થી ૨૦૨૪-૨૫ દરમિયાન અંદાજપત્રનું કદ વાર્ષિક સરેરાશ ૧૧.૫%ના દરે વધ્યું છે.

★ ગુજરાતના દરેક નાગરિક માટે "Living Well and Earning Well"ના સુત્ર સાથે Viksit Gujarat 2047ના વિઝનને સાકાર કરવાનો ઉદ્દેશ્ય.

★ અર્થતંત્રને પ્રોત્સાહન-મુડી ખર્ચ ૧૦.૯% વધીને રૂ.૧,૦૮,૬૧૫ કરોડ.

★ રાજ્યનું વિઝન 5G ગુજરાત બનવાનું છે જેનો અર્થ થાય છે (ગરવી ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત, ગતિશીલ ગુજરાત.)

★ બજેટનો ઉદ્દેશ્ય GYAN(ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિ) પર ભાર આપી સર્વસમાવેશક વિકાસ અને સુમેળભર્યા સમાજને બળ આપવાનો છે.

**મહેસૂલ વિભાગ માટે કુલ ૫૧૯૫ કરોડની જોગવાઇ**

★ કપરાડા, બાવળા અને અંજાર ખાતે નવી મામલતદાર કચેરીઓના નિર્માણ સહિત અન્ય કલેક્ટર, પ્રાંત કચેરીઓ, ક્વાટર્સના બાંધકામ માટે ૧૮૩ કરોડની જોગવાઇ.

★ સબ રજીસ્ટ્રાર કચેરીઓનું સંપૂર્ણ નવિનીકરણ કરવામાં આવશે. જેમાં બાંધકામ, ઓનલાઇન આઇ.ટી. વ્યવસ્થા, ઈઈઝટ કેમેરા તેમજ નાગરિકો માટેની યોગ્ય સગવડો ઉભી કરવા માટે ૩૯ કરોડની જોગવાઇ.


★ મહેસૂલી કામગીરીનો વ્યાપ વધતા, નાગરિકોને ગુણવત્તાયુક્ત અને ઝડપી સેવાઓ પૂરી પાડવા મહેસૂલ વિભાગ હેઠળ વિવિધ સંવર્ગોની અંદાજે ૪૦૦ નવી જગ્યાઓ ઉભી કરવા ૧૮ કરોડની જોગવાઇ.

★ સરકારી જમીન પરના દબાણો અટકાવવાના હેતુથી ફેન્સિંગ/સાઇન બોર્ડની કામગીરી માટે ૧૩ કરોડની જોગવાઇ.

## અયોધ્યામાં ગુજરાત યાત્રિ ભવનનું નિર્માણ થશેઃ બજેટમાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ કરી જાહેરાત

**મુખ્ય સમાચાર, અયોધ્યા**

અયોધ્યામાં ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા સાથે હવે દેશભરમાંથી શ્રધ્ધાળુઓનો પ્રવાહ દર્શનાર્થે અયોધ્યા પહોંચી રહ્યો છે. તે સમયે ગુજરાત સરકારે હવે અયોધ્યામાં ખાસ ગુજરાતી યાત્રાળુઓની સુવિધા માટે 'ગુજરાત યાત્રી ભવન'નું નિર્માણ કરવાની તૈયારી કરી છે.



આજે બજેટમાં નાણામંત્રી કનુભાઇ દેસાઇએ આ જાહેરાત કરતા જણાવ્યું કે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા અપાયેલી સુચના બાદ અયોધ્યામાં ગુજરાત યાત્રી ભવન માટે ખાસ જમીન મેળવી લેવામાં આવી છે

ટુંક સમયમાં નિર્માણ કાર્યનું પ્રારંભ થશે આમ અયોધ્યાધામ ખાતે આવતા ગુજરાતી શ્રધ્ધાળુઓ માટે હવે એક સુવિધા પૂર્ણ આવાસ ભોજન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થશે અને ગુજરાતીઓ ભગવાન શ્રી રામના દર્શન કરી શકે તે માટે રાજ્ય સરકારે શુભેચ્છા પૂર્વક આ પગલું લીધું છે. અયોધ્યામાં રાજ્યના ભવનનું નિર્માણ કરનાર ગુજરાત આ રીતે દેશમાં પ્રથમ રાજ્ય બની ગયું છે.

## જ્ઞાનવાપી મસ્જિદના ભોંયરામાં પૂજા પાઠ કરવાની મંજૂરીના વિરોધમાં આજે મુસ્લિમ પક્ષ દ્વારા બંધનું એલાન

**મુખ્ય સમાચાર, વારાણસી**

જ્ઞાનવાપી મસ્જિદના ભોંયરામાં જિલ્લા કોર્ટે પૂજા-પાઠ કરવાની મંજુરી આપ્યા બાદ અહીં પૂજા-પાઠ શરુ થઇ જતા મુસ્લિમ પક્ષે બંધનું એલાન આપ્યું છે. વારાણસી હાલ છાવણીમાં ફેરવાઇ ગયું છે. જ્ઞાનવાપી પરિસરની આસપાસ સુરક્ષા કર્મી તૈનાત છે.

અંજુમન ઇંતેજામિયા મસાજિદના મહાસચિવ અબ્દુલ ખાતિન નોમરની તરફથી જાહેરપત્રમાં કહેવામાં આવ્યું છે કે, જ્ઞાનવાપીના દક્ષિણી ભોયરામાં પૂજા-પાઠની અનુમતી આપવાથી મુસલમાનોમાં નારાજગી છે.

જિલ્લા કોર્ટના ફેસલાની વિરુધ્ધમાં મુસલમાન જુમાના દિવસ શાંતિપૂર્ણ રીતે પોતાનો કારોબાર બંધ રાખીને જુમાની નમાઝથી



અસરની નમાઝ સુધી દુઆખ્વાજા કરમ આ સાથે જ બધાને અપીલ કરાઇ છે કે શાંતિ જાળવી રાખે, કોઇપણ પ્રકારની અફવા પર ધ્યાન ન આપે.

## હિમવર્ષાથી થીજી ગયું મનાલી! ૩ ફૂટ સ્નોફોલ, વીજળી ગુલ, અનેક પ્રવાસીઓ ફસાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હિમાચલના મનાલી અને કુલ્લુમાં ચારેકોર બરફ પડતા પ્રવાસીઓ અટવાયા, વાહનો લપસતા જોખમ વધ્યુંઃ ચાર ફેબ્રુઆરી સુધી યલ્લો એલર્ટ જાહેર, કેટલાક વિસ્તારોમાં બસો બંધ, પીવાના પાણીની પણ સમસ્યા સર્જાઈ

હિમાચલ પ્રદેશના કુલ્લુ અને મનાલી માં ભારે હિમવર્ષા પડતા ચારેકોર બરફની ચાદર પથરાઈ ગઈ છે, જેના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. ત્યાં રોડ, વીજળી, પાણી સહિત તમામ સેવાઓ પર અસર પડી છે. બરફ પડવાના કારણે મનાલી હાઈવે પણ બંધ કરી દેવાયો છે, તો કુલ્લુ જિલ્લામાં બે ફેબ્રુઆરી સુધી શાળા-કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં રજા આપી દેવાઈ છે. ત્યાં ગયેલા ઘણા પ્રવાસીઓ પણ મુશ્કેલીમાં મુકાયા છે.



મળતી વિગતો મુજબ મનાલી સહિત આસપાસના ઘણા વિસ્તારોમાં બે દિવસથી ભારે હિમવર્ષા પડી રહી છે. હાલની વિગતો મુજબ મનાલીમાં એક ફુટ, સોલંગનાલામાં બે ફુટ અને અટલ ટનલની આસપાસ ત્રણ ફુટ સુધીની હિમવર્ષા થઈ છે. મનાલીના ડીએસપી કેડી શર્માએ પ્રવાસીઓને સાવધાન રહેવા અને સુચનાઓનું પાલન કરવા આદેશ આપ્યો છે. ચારેકોર બરફની ચાદરો પથરાતા શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાને પણ અસર પડી છે.

ત્યાં અન્ય રાજ્યોમાંથી ફરવા ગયેલા ઘણા પ્રવાસીઓ ફસાયા છે અને તેઓએ પગપાળા જ હોટલ જવાનો વારો આવ્યો છે. ત્યાં પતલીકુલથી મનાલી સુધીના રસ્તા પર ચારેકોર બરફ છે, જેના કારણે વાહન ચલાવવામાં પણ મુશ્કેલી સર્જાઈ છે. નાના વાહનો રસ્તા પર લપસી રહ્યા છે, તો બસોના પૈડા પણ થંભી ગયા છે.

મનાલીમાં વીજળી ચાલુ બંધ થઈ રહી છે, તો ગ્રામીણ વિસ્તારોમાં ૧૦ કલાકથી વીજલી ગુલ થઈ ગઈ છે.

## જમ્મુમાં દુર્ઘટનાઃબારામુલ્લામાં વાહન ખીણમાં ખાબકતાં ૮નાં મોત, સાત ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર, જમ્મુ**

જમ્મુ-કાશ્મીરના બારામુલ્લાના બોનિયારમાં બુધવારે એક દુર્ઘટના સર્જાઇ હતી. રસ્તા પર પસાર થતું એક વાહન ઊંડી ખીણમાં ખાબક્યું હતું. જેમાં ૮ લોકોનાં મોત થયાં છે જ્યારે અન્ય ૭ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. વાહન ઉરી તરફ જઈ રહ્યું હતું ત્યારે બપોરના સમયે દુર્ઘટનાનો ભોગ બન્યું હતું.

બીજી તરફ માહિતી મળતાં જ બચાવ ટીમ ઘટના સ્થળે પહોંચી બચાવ અભિયાન શરૂ કરી દીધું હતું. ઈજાગ્રસ્તોને બોનિયાર હોસ્પિટલ લઈ જવાયા હતા.

આ અંગે એસએસપી રવિન્દર પોલ સિંહે જણાવ્યું હતું કે તમામ મૃતદેહો મળી આવ્યા છે. તબીબી અને કાનૂની ઔપચારિકતાઓ પૂર્ણ કરવામાં આવી રહી છે. ઈજાગ્રસ્તોને હાલ બારામુલ્લાની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.



# મોરબીમાં ગેસનો બાટલો લીકેજ થવાને કારણે થયો બ્લાસ્ટ

## પોલીસ તપાસમાં કરાવેલ FSL રિપોર્ટમાં ખુલાસોઃ મોરબી એ ડિવિઝન પીઆઈ એચ. એ.જાડેજા સહિતની ટીમ દ્વારા ઝીણવટ ભરી હાથ ધરેલ તપાસમાં તથ્ય બહાર આવ્યું



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ઉમા રેસીડેન્સીમાં રહેતા કાનાભાઈ ગરચર નામના વ્યક્તિને ત્યાં બ્લાસ્ટ થયો હતો . બ્લાસ્ટના સમાચાર વાયુવેગે ફેલાતા ની સાથે જ લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા જો કે આ બ્લાસ્ટ ની તાકાત એટલી હદે તીવ્ર હતી કે ઘરની અંદરની તમામ ઘર વખરી અને દીવાલ છત ને પણ નુકશાન થયું હતું એટલું જ નહિ બાજુના ઘરના લોકોને પણ આ બ્લાસ્ટના લીધે ઘરમાં અસર જોવા મળી હતી ત્યારે આ બ્લાસ્ટ ના લીધે ત્રણ વ્યક્તિઓને ઈજાઓ થતા ખાનગી હોસ્પિટલમાં સારવાર માં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઇ મોરબી એ ડિવિઝન પીઆઈ એચ. એ.જાડેજા સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચી અને ઝીણવટ ભરી તપાસ હાથ ધરી આ બ્લાસ્ટ નું કારણ જાણવા પ્રયત્નો હાથ ધર્યા હતા.જેમાં એફએસએલ રિપોર્ટ માટે ટીમને બોલાવી રીપોર્ટ મંગાવતા આ બ્લાસ્ટ ઘર વપરાશના ઉપયોગમાં આવતા એલપીજી ગેસના બાટલાના લીકેજ ના લીધે આ બનાવ બન્યો હોવાનું અનુમાન છે તો બીજી બાજુ લોકો ચર્ચામાં હતું કે ગીઝરના લીધે આ ઘટના ઘટી છે તેને મોરબી પોલીસ દ્વારા વખોડી બ્લાસ્ટના કારણ ને ઉજાગર કર્યું છે.સાથે સાથે લોકોએ પણ પોતે ઘરે કે અન્ય જગ્યાએ વાપરતા ગેસ બાટલો લીકેજ તો નથી ને તેની તકેદારી રાખવા પણ આહવાન કર્યું છે.હાલ મોરબી એ ડિવિઝન પીઆઈ એચ.એ.જાડેજા દ્વારા આ દુર્ઘટના અન્ય જગ્યાએ ના ઘટે એ માટે સાવચેતી રાખવા આહવાન કરી લોકોને જાગૃત રહેવા અપીલ કરી છે.

# જામનગરના પટેલ કોલોની વિસ્તારમાં એક મકાનમાંથી એલસીબીએ વિદેશી દારૂ ભરેલી નવ પેટી પકડી પાડી

## જામનગરમાં પટેલ કોલોનીમાંથી ૧૦૮ બોટલ સાથે મોટર પકડાઈ, બુટલેગરની શોધખોળ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના પટેલકોલોની વિસ્તારની શેરી નં.૭માં એક મકાનમાંથી એલસીબીએ અંગ્રેજી શરાબ ભરેલી નવ પેટી પકડી પાડી છે. કુલ ૧૦૮ બોટલ તથા મોટર કબજે કરી તેના ચાલક, માલિકની શોધ હાથ ધરાઈ છે.જામનગરના પટેલકોલોની વિસ્તારની શેરી નં.૭માં એક મોટરમાં દારૂનો જથ્થો લાવવામાં આવ્યો હોવાની બાતમી એલસીબીના હરદીપ ધાધલ, હરદીપ બારડ, ઋષિરાજસિંહને મળતા ઈન્ચાર્જ પીઆઈ બી.એન. ચૌધરીની સૂચના અને પીએસઆઈ આર.કે. કરમટા, પી.એન. મોરીના વડપણ હેઠળ સ્ટાફે વોચ રાખી હતી.





તે દરમિયાન શેરી નં.૭માં એક ડેરી પાસેથી જીજે-૩-ડીએન ૮૦૫૬ નંબરની આઈ-૨૦ મોટર મળી આવી હતી. તે મોટરની તલાશી લેવાતા તેમાંથી અંગ્રેજી શરાબની ૧૦૮ બોટલ મળી આવી હતી. રૂ.૪ લાખની મોટર, રૂ.૪૩૨૦૦નો દારૂ કબજે કરી એલસીબીએ તેના ચાલક હાપા રોડ પર વર્ધમાનનગરમાં રહેતા જાડેજા તેજસસિંહ અનિરૂદ્ધસિંહની શોધ શરૂ કરી છે. આ શખ્સ સામે સિટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવવામાં આવ્યો છે.

# ભાજપમાં પ્રવેશેલ જામજોધપુરના પૂર્વ ધારાસભ્ય તેમજ કાર્યકરોનું ખરીદ વેચાણ સંઘના પ્રમુખદ્વારા સન્માન કરાયુ





**મુખ્ય સમાચાર, વિજય બગડા**

**જામજોધપુર:** તાજેતર માં ભારતીય જનતા પાર્ટી માં પ્રવેશ પામનાર કોંગ્રેસ નાપૂર્વ ધારા સભ્ય ચિરાગભાઈ કાલરીયા કોંગ્રેસ તાલુકા પ્રમુપ હિતેષભાઈ જોષી (અદા ) જિલ્લા કોંગ્રેસ મહામંત્રી તેમજ માર્કેટીંગ યાર્ડ નાપૂર્વ ડાયરેક્ટર ભીમશી ભાઇ ચોચાને હાર પહેરાવી મીઠા મોઢા કરાવી તાલુકા ખરીદ વેચાણ સધના પ્રમુખ માર્કેટીગ યાર્ડ ના ડાયરેક્ટર તેમજ જામજોધપુર તાલુકા રાજપુત સમાજ નાપ્રમુખ કિશોર સિંહ જાડેજા એ સમાન કરેલ આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ જયેશ ભાલોડીયા તાલુકા પ્રભારી ખુશાલ જાવિયા મહામેત્રી મુકેશ નાનવડા પણ ઉપસ્થિત રહેલ હતા.

# ખંભાળિયાના વચલાબારા ગામમાંથી એસઓજીએ બોગસ ડોક્ટરને પકડી પાડ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ખંભાળિયાના વચલાબારા ગામમાંથી એસઓજીએ એક બોગસ ડોક્ટરને પકડી પાડ્યો છે. મૂળ પશ્ચિમ બંગાળનો આ શખ્સ ડિગ્રી ન હોવા છતાં મેડિકલ પ્રેક્ટિસ કરતો હતો. તેના કહેવાતા કિલનિકમાંથી દવા, બાટલા સહિતનો રૂપિયા દોઢેક લાખનો મુદ્દામાલ કબજે કરી લેવાયો છે.ખંભાળિયા તાલુકાના સલાયા નજીક વચલાબારા ગામમાં એક શખ્સ ડોકટર ન હોવા છતાં પ્રેક્ટિસ કરતો હોવાની બાતમી દ્વારકા એસઓજીના આર.એમ.




જાડેજા, એચ.એચ. જાડેજાને મળતા ગઈકાલે રાત્રે પીઆઈ પી.સી. સીંગરખીયાના વડપણ હેઠળ એસઓજી ટીમે વચલા બારામાં ગ્રામ પંચાયત કચેરી પાસે દરોડો પાડ્યો હતો.ત્યાંથી મૂળ પશ્ચિમ બંગાળના નાદીયા જિલ્લાના વતની અને હાલમાં વચલાબારા ગામમાં રહેતો રામચંદ્ર દશરથ બિશ્વાસ નામનો શખ્સ મળી આવ્યો હતો. આ શખ્સના કહેવાતા દવાખાનાની તલાશી લેવાતા ત્યાંથી દવાની ટીકડી, સ્ટેથોસ્કોપ, સીરીંજ, બીપી માપવાનું મશીન, બાટલા વગેરે મળી આવ્યા હતા. આ શખ્સ પાસે તેની ડિગ્રી જોવા મગાતા આ શખ્સ ડોક્ટર ન હોવાનું ખૂલ્યું છે. એસઓજીએ ઉપરોક્ત મુદ્દામાલ, રૂ.૭ હજારનો ફોન મળી કુલ રૂ.૧ લાખ ૫૪,૨૩૫નો મુદ્દામાલ ઝબ્બે લીધો છે. રામચંદ્ર સામે સલાયા મરીન પોલીસ સ્ટેશનમાં મેડિકલ પ્રેક્ટિસનર્સ એક્ટ તથા આઈપીસીની કલમ ૩૩૬ હેઠળ ગુન્હો નોંધાયો છે.

# જામનગરમાં સેન્ટ્રલ બેંક વિસ્તારમાંથી મળી આવેલા અજ્ઞાત પુરુષના અર્ધ બળેલા મૃતદેહની ઓળખ થઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સેન્ટ્રલ બેન્ક વિસ્તારમાં ધ્રુવ ફળી પાસેથી મોડી રાત્રે એક પુરુષ નો અર્ધ બળેલો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન મૃતકની ઓળખ થઈ છે, અને મૃતક માનસિક રીતે અસ્થિર હોવાનું અને પોતાનું માતા સાથે ઝઘડો કરી ઘર છોડ્યું હોવાનું અને પોતાની જાતે જ પેટ્રોલ છાંટી આત્મહત્યા કરી લીધાનું જાણવા મળ્યું છે.બનાવની વિગત એવી છે કે જામનગરમાં સેન્ટ્રલ બેંક પાસે ધ્રુવ ફળી નજીક મોડી રાતે બે વાગ્યે એક અજ્ઞાત પુરુષનો અર્ધ બળેલો મૃતદેહ મળી આવ્યો હતો.જેથી સીટી એ. ડિવિઝનનો પોલીસ



કાફલો ઘટના સ્થળે દોડતો થયો હતો, અને મૃતદેહનો કબજો સંભાળી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ કરાવવામાં આવ્યું હતું. પોલીસની તપાસ દરમિયાન મૃતક નું નામ કમલેશ ચંદુભાઈ ટંકારીયા (ઉ.વ. ૫૩) અને દરજી જ્ઞાતિના હોવાનું અને જામનગરમાં માતૃ આશિષ સોસાયટીમાં રહેતા હોવાનું જાણવા મળ્યું હતું.પોલીસની વધુ તપાસ દરમિયાન મૃતક છેલ્લા કેટલાક સમયથી માનસિક રીતે અસ્થિર હોવાનું અને ગઈકાલે સવારે પોતાના વૃદ્ધ માતા સાથે ઝઘડો કરીને હું મરી જવાનો છું, તેમ કહી ઘેરથી નીકળ્યો હતો. ત્યારબાદ મોડી રાત્રે અગાઉ પોતે જ્યાં ધ્રુવ ફળી માં રહેતો હતો, તે સ્થળે જઇ પોતાની કાયા પર પેટ્રોલ છાંટી દીધું હતું અને દિવાસળી ચાંપી આત્મહત્યા કરી લેતાં તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું તારણ નીકળ્યું છે.મૃતક ની માતા સાથે ઝઘડો કરીને ઘેરથી નીકળ્યા પછી મૃતકના પિતા અને ભાઈ કે જેઓ બંનેના અગાઉ મૃત્યુ નીપજ્યા હતા, પરંતુ મૃતક ની બેન રાજકોટમાં રહે છે, જેને માતાએ જાણ કરીને જામનગર બોલાવી લીધી હતી. જેથી તેની બહેન જામનગર આવી ગયા પછી બપોરે સીટી બી. ડિવિઝન પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો, અને પોતાના ભાઈ કમલેશભાઈ કે જેઓ માંનસીક રીતે અસ્થિર છે, તે ઘરમાંથી આત્મહત્યા કરવાનું કહીને નીકળી ગયાનું જાહેર કર્યું હતું. દરમિયાન મોડી રાત્રે તેનો મૃતદેહ મળી આવ્યો હતો. સમગ્ર મામલે સીટી એ. ડિવિઝન પોલીસ વધુ તપાસ ચલાવે છે

# મોરબી જિલ્લા પંચાયતના ઉત્પાદન-સિંચાઈ વિભાગના ચેરમેને તરીકે અજય લોરિયાએ ચાર્જ સંભાળ્યો

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

મોરબી: હર હંમેશ ખેડૂતોની સાથે ઉભા રહેતા અને સેવાકીય કાર્યોમાં અગ્રેસર રહેતા એવા અજય લોરીયાની મોરબી જિલ્લા પંચાયતમાં સિંચાઈ સમિતિમાં ચેરમેન તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. ત્યારે આજે મોરબી જિલ્લા પંચાયતના સહકાર, ઉત્પાદન- સિંચાઈ વિભાગના ચેરમેન તરીકે અજયભાઈ લોરીયાએ વિધિવત રીતે ચાર્જ સંભાળ્યો હતો. આ અગાઉ મોરબી જિલ્લા



પંચાયતમાં બાંધકામ સમિતિનું સુકાન સંભાળી મોરબી જિલ્લાના વિકાસલક્ષી વિવિધ કામો માટે અઢી વર્ષમાં ૨૯૦ કરોડ મંજૂર કરાવ્યા હતા. ત્યારે સહકાર, ઉત્પાદન- સિંચાઈ વિભાગના ચેરમેન તરીકે ચાર્જ સંભાળતા જ વધુને વધુ ખેડૂતોના તથા પ્રજાના કામો કરતા રહેવાની અજયભાઈ લોરીયાએ ખાત્રી આપી હતી.

# મોરબી માહિતી કચેરીના અધિક્ષક બી.એલ. જાદવની જુનાગઢ બદલી થતાં ભાવભીની વિદાય અપાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લા માહિતી કચેરી ખાતે કચેરી અધિક્ષક તરીકે કાર્યરત શ્રી બી.એલ. જાદવની જુનાગઢ જિલ્લા માહિતી કચેરી ખાતે બદલી થતાં ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

બી.એલ. જાદવ સુરેન્દ્રનગર જિલ્લા માહિતી કચેરી ખાતેથી બદલી થતાં જુલાઈ-૨૦૨૩માં મોરબી જિલ્લા માહિતી કચેરી ખાતે હાજર થયા હતા. હાલ તેમની જુનાગઢ જિલ્લા માહિતી કચેરી ખાતે બદલી થતા મોરબી માહિતી પરિવાર દ્વારા વિદાયમાન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મોરબી માહિતી કચેરીના સહાયક માહિતી નિયામકશ્રી ઘનશ્યામ પેડવા, માહિતી મદદનીશશ્રી બળવંતસિંહ જાડેજા અને તેજસ રૂપાણી, ફિલ્મ ઓપરેટરશ્રી



ભરતભાઈ ફુલતરીયા, ક્લાર્કશ્રી એ.પી. ગઢવી અને જય રાજપરા, અન્ય સ્ટાફમાં શ્રી કિશોરપરી ગોસ્વામી, હિતેશ્રી દવે સહિતનાએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# મોરબી પરશુરામ યુવા ગૃપ દ્વારા જીલ્લા કલેકટર જી ટી પંડ્યાની બદલી થતા વિદાયમાન અપાયું



**મુખ્ય સમાચાર, મોરબી**

રાજ્ય સરકાર લોકસભા ચૂંટણી સંદર્ભ દ્વારા જુદા જુદા જિલ્લાઓમાં ફરજ બજાવતા ૫૦ આઇએએસ કક્ષાના અધિકારીઓની બદલીઓ કરવામાં આવી હતી જેમાં મોરબી જીલ્લા કલેકટર જી ટી પંડ્યા ની દેવભૂમિ દ્વારકા ખાતે બદલી કરી અમદાવાદ સ્ટેટ ટેક્ષ ડિપાર્ટમેન્ટથી કિરણ બિપીનચંદ્ર ઝવેરી ને મૂકવામાં આવ્યા છે.

જેમાં મોરબી પરશુરામ યુવા ગ્રુપ દ્વારા જિલ્લા કલેકટર જી ટી પંડ્યાનું સાલ ઓઢાડી અને આગામી સમયમાં દ્વારકા કલેકટર તરીકે મોરબી જિલ્લાની જેમ જ સુંદર કામગીરી કરે તેવી શુભેચ્છા પાઠવી હતી આ તકે મોરબી પરશુરામ યુવા ગ્રુપના પ્રમુખ અતુલભાઈ જોશી, ઉપપ્રમુખ ઋષિભાઈ મહેતા,સંકલન સમિતિના નીરજભાઈ ભટ્ટ,ચિંતનભાઈ ભટ્ટ , બ્રહ્મ આગેવાન ડો .રવીન્દ્રભાઇ ભટ્ટ, યગ્નેશભાઈ રાવલ સહિતના હાજર રહ્યા હતાં અને મોરબી જીલ્લા કલેકટર જી ટી પંડ્યા સાહેબ ને નવા જીલ્લા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# રાજુલામાં વૃદ્ધાશ્રમ ખાતે સ્વ દિનેશભાઈ સરવૈયાની આઠમી પુણ્યતિથિ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો





**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલાના વેપારી અગ્રણી સ્વ:દિનેશભાઈ લાલજીભાઈ સરવૈયાની આઠમી પુણ્યતિથિ નિમિત્તે આજે શહેરમાં આવેલ વૃદ્ધાશ્રમ ખાતે ૧૨ મા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી બ્લડ ડોનેટ કર્યું હતું તેમજ આ કેમ્પમાં મહુવાની હનુમંત હોસ્પિટલ દ્વારા વિનામૂલ્ય નેત્ર નિદાન કેમ્પ અને મોતીયાની તપાસ કરવામાં આવેલ અને ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના સહયોગથી આયુષ્માન કાર્ડના કેમ્પનું પણ આયોજન કરાયું હતું અને બાપા સીતારામ સેવા સમિતિના સહયોગથી વિશ્વકર્મા યોજના કાર્ડ અને શ્રીજી હોસ્પિટલના સહયોગથી બીપી ડાયાબિટીસ ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરાયું હતું અને સાવરકુંડલા માનવ મંદિરના પૂજ્ય ભક્તિરામ બાપુ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો જેમાં ટોટલ ૧૧૬ લોકોએ આ કેમ્પમાં પોતાનું બ્લડ ડોનેટ કર્યું હતુ આ તકે સંતો મહંતો સહિત શહેરના રાજકીય, સામાજિક આગેવાનો વેપારી આગેવાનો અને પત્રકાર મિત્રો સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને પ્રોત્સાહન મળે તે હેતુથી મોરબી જિલ્લા પંચાયત ખાતે 'પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનો શુભારંભ કરાયો

## પાંચ તાલુકા મથકોએ પણ ખેડૂતો માટે વેચાણ કેન્દ્રો ઉભા કરાયા






**મુખ્ય સમાચાર, મોરબી**

પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્માની કચેરી દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તથા ખેતી ખર્ચમાં ઘટાડો થાય અને ઉત્પાદનમાં વધારો થાય તથા ખેડૂતોની આવક બમણી થાય તે માટે પ્રાકૃતિક કૃષિ અભિયાન હાથ ધરવામાં આવેલું છે. જે અંતર્ગત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને પ્રોત્સાહન મળે તથા વેચાણ વ્યવસ્થા ઉભી થાય અને ગ્રાહકોને ઝેર મુક્ત શાકભાજી, અનાજ, કઠોળ વિગેરે મળી રહે તેવા ઉમદા હેતુથી 'પ્રાકૃતિક કૃષિ પેદાશ વેચાણ કેંદ્ર' જિલ્લા પંચાયત કચેરી કમ્પાઉન્ડ, મોરબી ખાતે મોરબી જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી. જાડેજાના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ વેચાણ કેન્દ્ર અઠવાડીયામાં દર ગુરુવારે એક દિવસ ઉભું કરવામાં આવશે. આ પ્રાકૃતિક કૃષિ પેદાશ વેચાણ કેંદ્ર મોરબી જિલ્લાના દેશી ગાય આધારીત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો કે જેઓ કોઇ પણ પ્રકારના રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાઓના વપરાશ વગર ઉત્પન્ન કરેલ શાકભાજી, મસાલા, ફળપાકો, કઠોળ પાકો વિગેરે પેદાશોનું સીધુ વેચાણ કરી શકે તેના માટે શરૂ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પાંચ તાલુકામાં તાલુકા મથકોએ પણ આ પ્રકારના વેચાણ કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. આ વેચાણ કેંદ્રનો નાગરિકોને લાભ લેવા મોરબી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે અને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હંસાબેન પારેઘી અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આવેલ ખેડૂતની મુલાકાત કરી તેમજ ખેડૂતોને પોત્સાહિત કરવા માટે ફળ, શાકભાજી અને કઠોળની ખરીદી કરવામાં આવી હતી

# પ્રેમમાં નાસીપાસ થતાં રાજસ્થાની યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેસકોર્સ રીંગરોડ પર રહેતા રાજસ્થાની યુવાને પ્રેમ પ્રકરણમાં પોતાના ઘરે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધાની ઘટના પ્રધુમ્નનગર પોલીસમાં નોંધાઈ હતી.

આ અંગેની માહિતી મુજબ શહેરના રેસકોર્ષ રીંગરોડ ઉપર, યુનિયન બેન્ક પાસે આવેલા એમ્પાયર એપાર્ટમેન્ટમાં સ્ટાફ રૂમમાં રહેતા ક્ષિતિજ સત્યપાલ પરમાર નામના ૩૦ વર્ષના રાજસ્થાની યુવાને આજે પોતાના રૂમમાં ગળાફાંસો ખાઈ લેતા તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યો હતો.

આ રાજસ્થાની યુવાન છેલ્લા ૧૦ દિવસથી રાજસ્થાનથી પેટીયું રળવા માટે રાજકોટ આવ્યો હતો અને અહીંના એક રેસ્ટોરન્ટમાં નોકરી કરી કરતો હતો. તેમના પગલાં પાછળ પ્રેમ પ્રકરણ કારણભૂત હોવાનું પોલીસને જાણવા મળ્યું છે. પોલીસ એવું પણ જણાવ્યું હતું કે આ યુવાન એક દોઢ વર્ષ પહેલાં પણ રાજકોટમાં આવ્યો હતો અને નોકરી કરી ગયો હતો. મૃતકના પરિવારજનો પાસેથી જાણવા મળેલી વિગતો મુજબ મૃતક એક ભાઈ અને બે બહેનમાં વચેટ હતો. એકના એક ભાઈએ આવું પગલું ભરી લેતા બંને બહેનોએ આક્રંદ કરીને શોક ફેલાવ્યો હતો. પોલીસે પીએમ વિધિ કરાવીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમની સમીક્ષા બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પંચાયતના સભાખંડ ખાતે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષમાં ૨ વાર આ પ્રકારની સમીક્ષા બેઠકનું આયોજન કરાતું હોય છે. જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને આયોજિત આ બેઠકમાં શાળા આરોગ્ય તપાસણી અને પ્રાથમિક શાળાઓમાં સેમિનારનું આયોજન વગેરે મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી.જિલ્લા વિકાસ અધિકારીએ બેઠકમાં સમિતિના સદસ્યો સાથે વિસ્તૃતપણે ચર્ચા-વિચારણા કર્યા બાદ જણાવ્યું હતું કે, શાળાઓની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તાર પર રેગ્યુલર ચેકીંગ થવું જોઈએ. તેમજ શાળા-કોલેજોના બાળકોને તમાકુની આડ-અસર વિષે સમજણ મળે



તે જરૂરી છે. શાળાની આસપાસ સ્વચ્છતા જળવાય રહે તે બાળકોના આરોગ્ય માટે આવશ્યક છે. તમાકુનું ગેરકાયદેસર રીતે વેચાણ કરવા વિરુદ્ધ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવે છે. જી.જી. હોસ્પિટલ ખાતે વ્યસનમુક્તિ માટે વિશેષ કાઉન્સેલિંગ પ્રોગ્રામનું આયોજન કરાય છે, જેમાં નાગરિકોએ બહોળી સંખ્યામાં ભાગ લેવો જોઈએ.આ ઉપરાંત, નેશનલ પ્રોગ્રામ ફોર કલાયમેટ ચેન્જ એન્ડ હ્યુમન રિસોર્સની સમીક્ષા બેઠકમાં સહિત ઋતુગત ફેરફારો અને કોલ્ડ વેવ અંગે જરૂરી માર્ગદર્શિકાની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાયા, તાલુકા હેલ્થ ઓફિસરઓ, જિલ્લા આરોગ્ય વિભાગના કર્મચારીગણ અને સમિતિના અન્ય સદસ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લીંબડીમાં પત્ની અને આંગડીયાત પુત્રની હત્યા કરનાર યુવાને આપઘાત કર્યો





**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

લીંબડીની ભીમનાથ સોસાયટીમાં રહેતો વેપારી પત્ની અને આંગળીયાત પુત્રની હત્યા કરીને બે દિવસથી ફરાર હતો. સમયે વેપારીની લાશ લીંબડીના ડુંગર તળાવડી પાસે આવેલ એકવાડીમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવી છે. મૃતકના પરીવારજનોએ હત્યા કરીને લાશને લટકાવી દેવાઈ હોવાનો આક્ષેપ કર્યો છે. બીજી તરફ મૃતકના ખીસ્સામાંથી સુસાઈડ નોટ પણ મળી આવી છે. જેમાં તેણે મારી પત્નીના ત્રાસથી હું આ પગલુ ભરૂ છુ... તેવા અંતીમ શબ્દો લખ્યા છે.

આ અંગેની માહિતી મુજબ સુરેન્દ્રનગરના લીંબડી શહેરમાં થયેલ ડબલ મર્ડર કેસમાં ગુરૂવારે નવો વળાંક આવ્યો છે. પત્ની અને આંગળીયાત પુત્રની હત્યા કરનાર પતિની લાશ વાડીમાં વૃક્ષની ડાળી સાથે રહસ્યમય સંજોગોમાં લટકતી મળી આવી છે. લીંબડીના ભલગામડા ગેટ પાસે આવેલી ભીમનાથ સોસાયટીમાં રહેતા ચીરાગ જગદીશભાઈ લાદોલા પટેલ પત્ની સોનલબેન બારોટ અને આંગળીયાત પુત્ર કીશનની હત્યા કરી હતી. મંગળવારે સવારના સમયે સોનલબેન અને આંગળીયાત પુત્ર કીશનની લાશ ઘરના રૂમમાંથી મળી આવી હતી. આ બનાવમાં મૃતકના પરિવારજનોએ લાશ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધા બાદ ભારે મથામણ પછી ૩૫ કલાક પછી લાશ સ્વીકારાઈ હતી અને બુધવારે સાંજે બન્ને મૃતક માતા-પુત્રની અંતીમવિધી થઈ હતી. બીજી તરફ બનાવ બાદથી જ પતિ ચીરાગ લાપત્તા હતો. પોલીસ તેની શોધખોળ કરી રહી હતી. આ દરમિયાન ગુરૂવારે સવારના સમયે ચીરાગ પટેલની લાશ લીંબડીના ડુંગર તળાવડી વિસ્તારમાં આવેલી વાડીમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવી છે. મૃતકની હત્યા કરીને લાશ લટકાવી દેવાઈ હોવાનો આક્ષેપ મૃતકના પરિવારજનો કરી રહ્યા છે. બીજી તરફ પોલીસે હાલ અકસ્માતે મોતની નોંધ કરી છે. બનાવની વધુ તપાસ બી. કે. મારૂડા ચલાવી રહ્યા છે.

# વિરાટનગરમાં ૧૫ વર્ષની સગીરા પર એક સંતાનના પિતાએ દુષ્કર્મ આચર્યુ

## મદદગારી કરનાર મહિલા સહિત બે સામે ફરિયાદ થતા પોલીસે કરી ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના વિરાટનગરમાં આવેલી નાલંદા સ્કૂલની બાજુના મકાનમાં છેલ્લા ૬ મહિનાથી ૧૫ વર્ષની સગીરા ઉપર એક બાળકના પિતા દ્વારા દુષ્કર્મ આચરાતું હોવાની ફરિયાદ નોંધાતાં જ પોલીસે આરોપીની ધરપકડ કરી ભાંભરડા નખાવી દીધા છે. નિલકંઠ સિનેમા પાછળ મેહુલ નગરમાં આવેલા સંસ્કૃતિ એપાર્ટમેન્ટમાં રહેતાં વેપારીએ ભક્તિનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેના જ એપાર્ટમેન્ટમાં નીતિન બગથરીયા રહેતો હોય તેણે તેની ૧૫ વર્ષ ૨ મહિનાની દીકરી પર તેની નજર બગડી હતી. આ પછી નીતિન ફરિયાદીની પુત્રીને ડરાવી-ધમકાવીને તેની બનાવેલી બેન મધુના



ઘેર કે જે વિરાટનગર મેઈન રોડ ઉપર આવેલું છે ત્યાં લઈ ગયો હતો અને પોતાની હવસ સંતોષી હતી. જો કે આરોપીએ પુત્રીને ધમકાવી હોય તે કશું બોલતી ન હોય નીતિનની હિંમત દિવસેને દિવસે વધતી ગઈ હતી અને તેણે છ મહિના સુધી બાળકી પર દુષ્કર્મ આચરી સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યને અંજામ આપ્યે રાખ્યો હતો પરંતુ પુત્રીને અચાનક જ પીડાં થતાં સઘળી હકીકત બહાર આવી હતી. આરોપી નીતિનને ક્ષૌરકર્મનો વ્યવસાય છે અને તે પરિણીત છે તેમજ સંતાનમાં તેને એક બાળક પણ છે. ફરિયાદ નોંધાતાં જ ભકિતનગર પીઆઈ એમ.એમ.સરવૈયા સહિતની ટીમે તાત્કાલિક નીતિન ભગથરીયા અને તેની બનાવેલી બહેન મધુની ધરપકડ કરી આગવી ઢબે પૂછપરછ શરૂ કરી છે.

# ધોરાજીમાં વિદેશી દારૂની ૨૮૧ બોટલ સાથે પોલીસના હાથે બે ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

ધોરાજીમાં આવેલ ભાકુભાજી ચોક પાસે ઓફિસમાં પોલીસે દરોડો પાડી વિદેશી દારૂની ૨૮૧ બોટલ સાથે બે શખ્સોને દબોચી લઈ રૂ.૫.૪૨ લાખનો મુામાલ કબજે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ધોરાજી પોલીસના હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા સહિત નો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ભાકુભાજી ચોક પાસે આવેલ ઈમરાન સાદીક નેવીવાલાની ઓફિસમાં દરોડો પાડતા વિદેશી દારૂની ૨૮૧ બોટલ જાયલો કારમાં વાહીદ રજાક કુરેશી નામનો શખ્સ દારૂની ડિલીવરી આપવા આવતા પોલીસે બંને શખ્સોને દબોચી લઈ વિદેશી દારૂ અને કાર સહિત રૂ.૫.૪૨ લાખ નો મુામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નાસતા ફરતા ૧૫ આરોપીને ૧૫ દિવસમાં શોધી કાઢતી અમદાવાદ પોલીસ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

વટવા, કાગડાપીઠ, દાણીલીમડા, નારોલ અને ઝોન ૦૯ એલસીબી પોલીસ સ્ટેશનના પી. આઈ સહિતના સ્ટાફે ૧૫ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી લીધા હતા.

વોઇસ ઓફ ડે મ રાજકોટ અમદાવાદ શહેરમાં અલગ અલગ ગુનામાં છેલ્લા ઘણા સમયથી વોન્ટેડ ૧૫ આરોપીઓને ૧૫ દિવસમાં પોલીસે ઝડપી લીધા હતા. અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિંઘ મલિક તથા સંયુક્ત પોલીસ કમિશ્નર, સેક્ટર ૦૨ બ્રજેશ ઝા દ્વારા અમદાવાદ શહેરમાં ભૂતકાળના



ગુનાઓમાં પકડવાના બાકી નાસતા ફરતા વોન્ટેડ આરોપીની ઉંડાણપૂર્વક તપાસ કરી, પકડી પાડવા માટે ખાસ ઝુંબેશ રાખી, શહેરના તમામ પોલીસ અધિકારીઓને સૂચના કરવામાં આવી હતી. જેના ભાગરૂપે ડીસીપી, ઝોન ૦૯ રવિ મોહન સૈની તથા જે ડિવિઝન એસીપી પ્રદીપસિંહ જાડેજા, કે ડિવિઝન એસીપી મિલાપ પટેલના માર્ગદર્શન હેઠળ ઝોન ૦૯ વિસ્તારમાં નાસતા ફરતા, વોન્ટેડ આરોપીઓ પકડવાની ઝુંબેશના ભાગરૂપે, મણિનગર, ઈસનપુર, વટવા, જીઆઇડીસી વોન્ટેડ આઓપીઓને પકડી પાડવા માટેની ખાસ ઝુંબેશ દરમિયાન ઝોન ૦૬ વિસ્તારમાંથી પકડાયેલ કુલ ૧૫ આરોપીઓ પૈકી જીઆઇડીસી વટવા પોલીસ દ્વારા ૦૫, વટવા પોલીસ સ્ટેશન દ્વારા ૦૩, નારોલ પોલીસ સ્ટેશન તથા એલસીબી દ્વારા બે બે, મણિનગર, ઈસનપુર, દાણીલીમડા પોલીસ સ્ટેશન દ્વારા એક એક નાસતા ફરતા આરોપીઓ પકડવામાં આવેલ છે. પકડાયેલ આરોપીઓ પૈકી નારોલ પોલીસ દ્વારા પકડી % પાડવામાં આવેલ આરોપી છેલ્લા ૨૫ વર્ષથી વોન્ટેડ છે, જ્યારે જીઆઇડીસી પોલીસ દ્વારા પણ સાત વર્ષ, છ વર્ષ, ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવામાં આવેલ છે.

# રૂરલ એલસીબીના એએસઆઈ મહેશભાઈ જાની નિવૃત્ત થતાં વિદાયમાન અપાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય એલસીબી ટીમમાં એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા મહેશભાઈ જગજીવનભાઈ જાની ગઈકાલે વયમર્યાદાના કારણે પોલીસ વિભાગમાંથી નિવૃત થતાં વિદાય સમારંભ યોજાયો હતો. તેમને પી.આઈ વી વી ઓડેદરા સહિત સ્ટાફ મિત્રોએ મોમેન્ટો આપીને સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. નિવૃત એ.એસ.આઈ મહેશભાઈ જાનીએ જણાવ્યું હતું કે તેઓ



૦૧/૦૮/૧૯૮૯ ના રોજ પોલીસ વિભાગમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે દાખલ થયા હતા.વડોદરા ખાતે તાલીમ લઈને હેડ ક્વાર્ટરમાં હાજર થયા હતા. ત્યાર બાદ સૌ પ્રથમ એલ.આઈ.બી ખાતે સતત પાંચ વર્ષ ફરજ બજાવી હતી.જે દરમિયાન ગેર કાયદેસર પાસ પરમિટ વગર પાકિસ્તાની નાગરિકને પકડી પાડયો હતો.ત્યારબાદ તેઓની નિમણૂક ૧૯૯૫માં એલસીબી ખાતે થયેલ જેઓ સતત ૧૧ વર્ષ સુધી એલસીબીમાં ફરજ બજાવી હતી.આ બાદ જિલ્લા ટ્રાફિક,ગોંડલ સિટી બાદ એલસીબીમાં નિમણૂક થઈ હતી. જેઓએ એલસીબી ખાતે ૨૨ વર્ષ ફરજ બજાવી કુલ ૬૦૦ થી વધુ પ્રશસાપત્ર જીએસટી મેળવ્યો હતો.જે તેઓની કામગીરી સબબ તેઓને વર્ષ ૨૦૧૪માં રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવેલો છે.જેઓએ પોતાની સર્વિસ દરમિયાન ખૂન, ખૂનની કોશિશ,લૂંટ, ધાડ,ચોરી જેવા અસખીઓ વણ શોધાયેલા ગુનાઓ શોધી કાઢેલ છે.જેમઆ ગોંડલ રમેભાઈ ભાલાળાં મર્ડર કેસ, ભાયવદર મુકેશ બાવાજી, જેતપુર દેવયાની ડાયનિંગ મર્ડર કેસ, લોધિકા મુકેશ ધ્રુવ કેસ, જેતપુર તાલુકા રૂપાવટી મર્ડર કેસ જેવા અનેક ચર્ચાસ્પદ વણશોધાયેલા ખૂનના ગુન્હા શોધવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.આ ઉપરાંત અસખી દારૂ જુગારના કવોલેટી કેસી તથા નાસ્તા ફ્રાય આરોપીને પકડી પાડવાની કામગીરી કરેલી છે.

# ટંકારાના ગજડી ગામ પાસે કારમાં વિદેશી દારૂની ૧૮ બોટલ સાથે ત્રણ શખ્સોની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટંકારા પોલીસે બાતમીને આધારે ગજડી ગામે ધુનડા(ખા) જવાના રસ્તેથી અમેઝ કારનો પીછો કરી વિદેશી દારૂની ૧૮ બોટલ ઝડપી લેવામાં આવી હતી. જયારે કાર રેઢી મૂકી કાર ચાલક અને બાજુની સીટમાં બેસેલ બંને શખ્સો નાસી ગયા હતા જયારે કારમાં સવાર અન્ય ત્રણ શખ્સો પોલીસના હાથે પકડાય ગયા હતા. આ સાથે પોલીસે અમેઝ કાર તથા વિદેશી દારૂનો જથ્થો કબ્જે લઈ ભાગી છૂટેલ બે શખ્સો તથા પકડાયેલ ત્રણ શખ્સો સહીત પાંચેય આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની માહિતી મુજબ ટંકારા રે ખાનગીરાહે બાતમી મળેલ કે ખાનપર કોયલી ગામ બાજુથી અમેઝ કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ટંકારા તરફ જવાનો હોય જે અનુસંધાને ટંકારા પોલીસ ટીમ ગજડી ગામથી ધુનડા(ખા) જવાના રસ્તે વોચમાં હતી. તે દરમિયાન અમેઝ કાર ત્યાંથી પસાર થતા તેને રોકવા પ્રયત્ન કરતા કાર ચાલકે કાર ભગાડી મૂક્તા પોલીસ દ્વારા તેનો પીછો કરતા કાર ચાલક અને બાજુની સીટમાં બેસેલ શખ્સ કાર રેઢી મૂકી નાસી ગયા હતા.ત્યારે પોલીસ દ્વારા અમેઝ કાર રજી. જીજે-૧૦-ડીઈ- ૪૬૮૨ને ચેક કરતા કારની ડેકીમાંથી વિદેશી દારૂ રોયલ ચેલેન્જની ૧૮ બોટલ મળી આવી હતી આ સાથે કારમાં સવાર ત્રણ શખ્સો ભાભલુભાઈ શાંતુભાઈ ખાચર ઉવ.૨૩ રહે.નોલી તા.સાયલા ફન્મરાજુભાભ માંજરીયા ઉવ.૨૪ રહે. સીરવાણીયા તા. સાયલા જી.સુ.નગર, નાગરાજસિંહ ઘનશ્યામસિંહ વાળા ઉવ.૨૦ રહે. જામનગર રામેશ્વર રાંદલ નગર રાજશકિત પાનવાળી ગલીમાંને ઝડપી તેની અત કરવામાં આવી છે જયારે કાર રેઢી મૂકી નાસી ગયેલ મુખ્ય સૂત્રધાર એવા બે શખ્સો રવિરાજસિંહ દાદુભા રહે.જામનગર મરછોનગર, નાગરાજસિંહ ભરતસિંહ જાડેજા રહે.જામનગર રામેશ્વર માટેલ ચોકને ફરાર દર્શાવી તેન પકડી પાડવા તજવીજ હાથ ધરી છે. હાલ પોલીસે કાર સહીત વિદેશી દારૂ જથ્થો જપ્ત કરી પાંચેય આરોપીઓ વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જેતપુરમાં સગીરા પર સાવકા પિતાએ દુષ્કર્મ આચર્યુ

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં એક સાવકા પિતાએ કિશોર વયની પુત્રીની એકલતાનો લાભ લઇ તેણી સાથે દુષ્કર્મ આચર્યું હતું. કિશોરીએ સમગ્ર બનાવ વિશે માતાને વાત કરતા માતાએ સીટી પોલીસમાં આરોપી પતિ સામે પોકસો હેઠળ ફરીયાદ નોંધાવી હતી.

સીટી પોલીસ સ્ટેશનમાં એક મહિલાએ નોંધાયેલ ફરીયાદ મુજબ તેણીને સંતાનમાં એક તેર વર્ષની દીકરી છે આ દીકરીના પિતા સાથે તેણીને અણબનાવ બનતા છૂટાછેડા થઈ ગયા હતા અને થોડા સમય પૂર્વે તેણીએ સમય



પૂર્વે તેણીએ પૂનઃ કરેલ હતાં અને તેની સાથે જ આગલા ઘરની પુત્રી સાથે રહેતી હતી. ત્રણ દિવસ પૂર્વે મહિલાની તબિયત બગડતા તેણીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જેમાં મહિલા રાત્રી દરમિયાન હોસ્પિટલ હતી ત્યારે પુત્રી અને સાવકો પિતા ઘરે એકલા હતા ત્યારે કિશોરીની એકલતાનો લાભ લઈ નરાધમ સાવકા પિતાએ તેણી સાથે દુષ્કર્મ આચયું હતુ.

બીજા દિવસે કિશોરીની માતા હોસ્પિટલથી ઘરે પરત આવતા તેણીએ સાવકા બાપના કૃત્ય વિશે માતાને વાત કરી હતી. જેથી આ મહિલાએ પતિને પુત્રી સાથે કરેલ દુષ્કર્મ વિશે પૂછતાં સાવકો પિતા લાજવાને બદલે ગાજવા લાગ્યો હતો અને ઝઘડો કરવા લાગ્યો હતો. જેથી મહિલા તરત જ પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા પહોંચી હતી. પોલીસે મહિલાની ફરીયાદ પરથી પોકસો એકટ હેઠળ દુષ્કર્મની ફરીયાદ નોંધી તેની ધરપકડ કરી હતી.

# હત્યાની કોશિષ અને અપહરણના ગુનામાં આરોપીને જામીન મુકત કરતી કોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રેમલગ્ન કરનાર યુવકના પરિવાર પર ખૂની હુમલો કરનાર આરોપીને કોર્ટે જામીનમુક્ત કર્યો છે. આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી પીયુષભાઈ યોગેશભાઈ કોરીયાર આરોપી શીવરાજ વાંકના મીત્રની બહેન સાથે પ્રેમલગ્ન કરેલ હોય તેનો ખાર રાખી આરોપ શીવરાજ વાકે તેમના મિત્રો સાથે ફરીયાદીના ઘરે જઈ ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદીના ઘરમાં ઘુસી જઈ ફરીયાદીના જમણા હાથે કોણીના ભાગે છરી મારી તથા ફરીયાદીના માથાન ભાગે તથા છાતીની જમણી બાજુ છરીના ધા મારી ગંભીર ઈજાઓ કરી હતી. પીયુષભાઈ કોરીયારનું મોત નિપજાવવાની કોશીષ કરી આરોપી વેગેરેએ ફરીયાદીની પત્નીનું

બળજબરીથી અપહરણા કરતા ફરીયાદીએ આરોપી શીવરાજ વાંક વિગેરે વિરૂધ્ધ યુનિવર્સીટી પો.સ્ટે.માં ફરીયાદ કરતા ગાંધીગ્રામ-૨ પો.સ્ટે. ।ખપ વમ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કર્યો હતો. ગાંધીગ્રામ પો.સ્ટે. દ્વારા આરોપી શીવરાજ વાંકની ધરપકડ કરી જેલ હવાલે કર્યો છે.

આ કેસમાં આરોપી શીવરાજ વાકે દ્વારા તેમના વકીલ મારફત રાજકોટની સેશન્સ કોર્ટમાં જામીન અરજી ગુજારતા તેના વકીલ દ્વારા મેડીકલ પેપર, આરોપીનો રોલ અને નિવેદનો ઉપર સચોટ દલીલો કરેલ અને હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના જજમેન્ટો રજુ કરેલ તે ધ્યાને લઈ સેશન્સ કોર્ટ દ્વારા આરોપીને આઈ.પી.સી. કલમ-૩૦૭ જેવા ગંભીર ગુન્હામાં જામીન ઉપર મુક્ત કરેલ છે.

આ કામમાં ફરીયાદી તરફે પ્રતિક ડી. રાજયગુરુ, કુલદીપ પી. રામાનુજ, કરણસિંહ એ. ડાભી, પરેશ એલ. પાદરીયા, ધ્રુતીજીતસિંહ જે. ઝાલા, જયકિશન જી. રાઠોડ, દિપ પી. ભીંડોરા તથા ભાવિન એન. ભટ્ટ તથા સહાયક તરીકે પરમ બી. ભટ્ટ રોકાયેલ હતા.

# ટ્રેનમાં મુસાફર રૂા.૧૦ લાખના દાગીના ભરેલી બેગ ભુલી ગયાઃ રેલ્વે સ્ટાફે પરત કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુસાફરો પોતે જ પોતાનો કિંમતી સામાન ટ્રેનમાં ભુલીને જતા રહીને જાતે ઉપાધિ નોતરે છે. તાજેતરમાં બનેલી આવી જ એક ઘટનામાં મુસાફર ૧૦ લાખથી વધુના દાગીના સાથેની બેગ ટ્રેનમાં ભુલી ગયા હતા. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં બેંક મેનેજર અજય કુમાર ગુપ્તા તેમના પરિવાર સાથે ૩૧ જાન્યુઆરીના રોજ પ્રયાગરાજથી અમદાવાદ જંક્શન જતી બનારસ-વેરાવળ સુપરફાસ્ટ ટ્રેનમાં બેઠા હતા. અમદાવાદ ઉતરતી વખતે તેમની એક બેગ બોગી નંબર બીઉમાં રહી ગઈ હતી. તે થેલીમાં ૧૦ લાખ રૂપિયાથી વધુની કિંમતના દાગીના રાખવામાં આવ્યા હતા. ટ્રેન અમદાવાદ



સ્ટેશનથી નીકળી હતી. તેણે તરત જ રેલવે કર્મચારીઓ અને અધિકારીઓનો સંપર્ક કયો. ભાવનગર રેલ્વે મંડલના સી.આર. ગરૂડાને આ વાતની જાણ થતાં તેણે તરત જ ગાંધીગ્રામના સ્ટેશન માસ્ટરનો સંપર્ક કર્યો હતો. રેલ્વે કર્મચારીઓએ મુસાફરના કહેવા મુજબ કોચની શોધખોળ કરી અને બેગ સલામત રીતે મળી. રેલવે કર્મચારીઓએ મુસાફરનો સંપર્ક કરીને બેગ પરત કરી હતી.

# હત્યાની કોશિષના ગુનામાં નાસ્તો ફરતો નામચીન બુટલેગર અલ્તાફ છ આંગળી ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા આજીડેમ ચોકડી પાસે માન સરોવર પાર્કમાં રહેતા વેપારીને પિસ્તોલ તાપી જાન થી મારી નાખવાની ધમકી આપનાર નામચીન બુટલેગર અલ્તાફશા આંગળીને આજીડેમ પોલીસે ઝડપી લીધો હતો. અંગેની માહિતી મુજબ માનસરોવર પાર્કમાં રહેતા વેપારીને અગાઉ પાડોશમાં રહેતી મહિલા સાથે ઝઘડો થયો હોય જે બાબતે નવા ધોરાળા ભાવનગર રોડ પર રહેતો અને અનમોલ પાર્કમાં તુર્કી બાપુ ની દરગાહ પાસે આજીડેમ ચોકડી પાસે રહેતો નામચીન બુટલેગર અલ્તાફ હનીફ થઈમ નમનો શકશે પિસ્તોલ તાકી વેપારીને જાનતી મારી નાખવાની ધમકી આપી હોય જે ગુનો આજીડેમ પોલીસમાં નોંધાયા બાદ નામચીન બુટલેગર અલ્તાફ ઉર્ફે છ



આંગળી નાસ્તો કરતો હોય આજે તાલુકા પોલીસ ના હેડ કોન્સ્ટેબલ ચીડી વાઘેલા તથા એબી ભુંડિયા સહિતના સ્ટાફે ળયભિયમયત કાર માં નીકળતા પોલીસે આ બુટલેગરને દબોચી લઈ આજીડેમ પોલીસના હવાલે કર્યો હતો

# રૈયા ગામમાં ડેલો ભાડે રાખી દારૂનો વેપલો કરતા બુટલેગરની કરાઈ ધરપકડ

## ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડી ૪૪૭ બોટલ દારૂ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયા રોડ પરથી પોલીસે સ્કૂટરમાં ૮ બોટલ દારૂ સાથે નહેરૂનગરના શખ્સને ઝડપીપાડી પુછપરછ કરતા તેણે રૈયા ગામ ડેલામાં છુપાવેલો વધુ ૪૩૯ બોટલ દારૂ મળી આવતા પોલીસે કુલ રૂા. ૧.૭૬ લાખનો દારૂનો જથ્થો કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના એએસઆઈ રણજીતસિંહ પઢારિયા, કોન્સ. વિજય મેતા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન રૈયા રોડ પર ન્યુએરા સ્કૂલ નજીકથી સ્કૂટર લઈ નિકળેલા સલીમ રફીક કુંડલિયા (રે. નહેરૂનગર-૫ રૈયા રોડ)ને ઝડપી લઈ સ્કૂટરની ડેકીની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની બેટલ નં. ૮ (કિ.મ. ૩૨૦૦) મળી આવતા તેની ધરપકડ કરી પુછપરછ કરતા તેઓ રૈયા ગામ ડેલો ભાડે રાખી દારૂનો જથ્થો છુપાવ્યોહોવાની કબુલાત આપતા પોલીસે આરોપીને સાથે રાખી રૈયા ગામ ખાતે ડેલામાં દરોડો પાડતા દારૂની બોટલ નં. ૪૩૯ (કિંમત રૂા. ૧,૭૩,૦૨૦) મળી આવતા પોલીસે કુલ ૪૪૭ બોટલ દારૂ અને મોબાઈલ મળી કુલ રૂા. ૨,૫૬,૨૨૦નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીની પુછપરછમાં તે રાજસ્થાનથી દારૂ લાવ્યો હોવાનું જણાવતાપોલીસે વધુ તપાસ હાથ ધરી છે.